ઐસો કો ઉદાર જગ માંહી બિનુ સેવા જો દ્રવે દીન પર રામ સરિસ કોઉ નાહી...

**રાજ્યમાં વધુ ૫૪૦ નવા કેસ : અમદાવાદમાં ૩૧૨ : ગાંધીનગરમાં ૨૨**


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ દો ગજની દૂરીનો અમલ કરીએ.. સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૦૧ ૨૦ જુન, ૨૦૨૦, શનિવાર; જેઠ વદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# સરહદ પર વધતી લશ્કરી હિલચાલ

**સરહદ પર નવા-જૂનીનાં એંધાણ : ભારતે યુદ્ધ વિમાનોને ફ્રંટલાઇન પર ગોઠવ્યા, ચીને ૧૦ હજાર સૈનિકો ગોઠવ્યા, એરફોર્સ ચીફ લેહમાં, વાયુસેના એલર્ટ પર**



લદ્દાખ,તા.૧૯

લદ્દાખમાં ચીનની સાથે તણાવ ચરમ પર છે. હવે ભારત દગાખોર ચીનને દરેક રીતે પાઠ ભણાવવાની તૈયારી કરી રહ્યું છે. સેના, વાયુસેના અને નેવીને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. વાયુસેના પોતાના યુદ્ધ વિમાનોને ફૉરવર્ડ બેઝ પર તૈનાત કરી રહી છે. આ દરમિયાન વાયુસેનાનાં ચીફ આરકેએસ ભદૌરિયાએ લેહ અને શ્રીનગર એરબેઝનો પ્રવાસ કર્યો છે. આને ચીનને મોટા સંકેત આપવા તરીકે જોવામાં આવી રહ્યું છે. અહીંથી લદ્દાખમાં તાત્કાલિક કોઈપણ ઑપરેશનને મોટો અંજામ આપી શકાય છે.

ઉલ્લેખનીય છે કે પૂર્વ લદ્દાખ વિસ્તારમાં કોઈપણ પ્રકારનાં ઑપરેશન માટે બંને એરબેઝ ઘણા મહત્વનાં છે. ભદૌરિયાનો આ પ્રવાસ ઘણો જ મહત્વનો માનવામાં આવી રહ્યો છે, કેમકે ગલવાન ખીણમાં ચીની સૈનિકોની સાથે મારામારીમાં ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા બાદ ત્રણેય સેનાનાં ચીફે વર્તમાન

● અનુસંધાન પાના - ૭ પર

## ટિકટોક એપથી યુઝર્સના ડેટા સુરક્ષિત ન હોવાનો એજન્સીનો દાવો

**ચીનની બાવન એપ્લિકેશન બ્લોક કરવા ગુપ્તચર એજન્સીની સલાહ : ચીનની અવરચંડાઈ બાદ ભારત માટે ચેતવાનો સમય : ચીનની એપ્સ અનેક દેશોમાં પ્રતિબંધિત**

નવી દિલ્હી, તા. ૧૯

લદ્દાખની ગલવાન ખીણમાં લોહિયાળ અથડામણ બાદ ભારતે હવે દરેક મોરચે ચીનને ઘેરી લેવાની તૈયારી શરૂ કરી દીધી છે. બંને દેશો વચ્ચે ચાલી રહેલા વિવાદ દરમિયાન ભારતીય ગુપ્તચર એજન્સીઓએ સરકારને ટિકટોક અને બિગો લાઈવ સહિતના ૫૨ ચાઈનીઝ મોબાઈલ એપ્સને બ્લોક કરવા કહ્યું છે, અને લોકોએ તેનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે. ભારતીય સુરક્ષા એજન્સીઓનું કહેવું છે કે તેમનો ઉપયોગ કરવો સલામત નથી. આ એપ્સ મોટા પાયે ભારતની બહાર ડેટા મોકલી રહી છે. આ એપ્સને લીધે સુરક્ષા પર મોટો ખતરો છે, ચીની એપ મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ગુપ્તચર એજન્સીઓ દ્વારા આપવામાં આવેલા પ્રસ્તાવને રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ દ્વારા પણ સમર્થન આપવામાં આવ્યું છે. ભારતીય સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે આ એપ્સ ભારતની સુરક્ષા માટે ખતરો ઊભો કરી શકે છે. તેમણે કહ્યું કે આ દરખાસ્ત અંગે ચર્ચા ચાલી રહી છે. અહેવાલો જણાવે છે કે તમામ ચાઈનીઝ મોબાઈલ એપ્લિકેશનોના ફિચર્સ અને તેની સાથે સંકળાયેલા જોખમોની તપાસ કરવામાં આવશે. એક સમાચાર અનુસાર સરકારને મોકલવામાં આવેલી સુરક્ષા એજન્સીઓની યાદીમાં વીડિયો કોન્ફરન્સિંગ એપ્લિકેશન ઝૂમ, ટિકટોક, યુસી બ્રાઉઝર, ઝેન્ડર, શેર ઈટ અને ક્લીન માસ્ટર જેવી એપ્લિકેશનો સામેલ છે. ઉપરાંત, શોપિંગ એપ્લિકેશન શેન અને ક્લબ ફેક્ટરીને પણ બ્લોક કરવાની સલાહ આપવામાં આવી છે. આ વર્ષે એપ્રિલમાં, ગૃહ મંત્રાલયે ઝૂમની સુરક્ષાની સચોટતા

● અનુસંધાન પાના - ૭ પર

## અંતે બંધક ૧૦ ભારતીય સૈનિકોને ચીને મુક્ત કર્યા

નવી દિલ્હી, તા. ૧૯

લદાખની ગલવાન ખીણમાં ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે થયેલી હિંસક અથડામણમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. ત્યારબાદ એવા અહેવાલ હતા કે કેટલાક જવાનોને ચીન દ્વારા બંધક બનાવવામાં આવ્યા છે,પરંતુ ભારતીય સૈન્ય દ્વારા તેની પુષ્ટિ થઈ નહતી. હવે એવા અહેવાલ મળી રહ્યા છે કે ચીને આ અથડામણ બાદ ગુરુવારે સાંજે એક લેફ્ટિનેન્ટ કર્નલ અને ત્રણ મેજર સહિત ૧૦ સૈન્ય જવાનોને બંધનથી મુક્ત કર્યા છે. સંરક્ષણ મંત્રાલયના સૂત્રોના કહેવા અનુસાર મેજર-જનરલ સ્તરની વાતચીત બાદ એક સાંજે લગભગ પાંચ કલાકે ભારતીય સૈનિકોને ચીને છોડ્યા છે. આ પૈકી એક પણ ભારતીય જવાનને ઈજા થઈ નથી. આ પહેલાં ભારતીય સૈન્ય દ્વારા એક અલગ નિવેદન જાહેર કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું હતું કે આ અથડામણમાં કોઈ ભારતીય જવાન ગૂમ થયા નથી. ગુરુવારે બપોરે ભારતીય સૈન્ય તરફથી કહેવામાં આવ્યું કે ગલવાન ખીણમાં થયેલી હિંસક અથડામણમાં ૭૬ સૈનિકો ઘાયલ

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૮૬૪૧૦૧૬ | ૪૫૭૮૫૦ | ૪૩૮૯૩૧૯ |
| ભારત | ૩૮૭૫૦૬ | ૧૨૭૩૭ | ૨૦૯૨૩૫ |
| ગુજરાત | ૨૬૧૯૮ | ૧૬૧૯ | ૧૮૧૬૭ |
| ગાંધીનગર | ૫૫૩ | ૨૭ | ૩૨૭ |

## દેશમાં કોરોના બેકાબુ : નવા ૧૩૫૮૭ કેસ

ન્યુ દિલ્હી,તા.૧૯

ચાઈના બિમારી કોરોના વાઈરસે જાણે કે ભારતમાં અડિંગો જમાવ્યો હોય અને જવાનું નામ ન લેતું હોય તેમ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે.આજે શુક્રવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના વધુ ૧૩,૫૮૭ નવા કેસ સામે આવ્યા છે. છેલ્લાં એક સપ્તાહથી કોરોનાના કેસો ૧૦ હજારની આસપાસ અને હવે ૧૨ હજારની આસપાસ બહાર આવી રહ્યાં છે.આ સાથે જ દેશમાં વિવિધ રાજ્યોમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની ૩ લાખ ૮૦ હજારને પાર થઈ ગઈ છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં વધુ ૩૩૬ લોકોના મોત થયા છે. તે સાથે કોરોનાને કારણે અત્યાર સુધી કુલ ૧૨,૫૭૩ લોકોએ જીવ ગુમાવી ચૂક્યા છે.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, દેશમાં કોરોનાથી છેલ્લાં ૨૪ કલાકમાં ૩૩૬ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધી કોરોના પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૩,૮૦,૫૩૨ થઈ ગઈ છે જેમાં ૧,૬૩,૨૪૮ જેટલા કેસ સક્રિય છે અને ૨,૦૪,૭૧૧ લોકોએ કોરોનાને મ્હાત આપી છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની કુલ સંખ્યા ૧,૨૦,૫૦૪ પર પહોંચી ગઈ છે. જેમાં ૫૩,૯૧૫ એક્ટિવ કેસ છે અને ૫,૭૫૧ લોકોના આ જીવલેણ બીમારીથી મોત થઈ ગયા છે. દેશના પાટનગર દિલ્હીમાં કોરોનાના કુલ ૪૯,૯૭૨૯ કેસ નોંધાયા છે જેમાંથી ૨૬,૬૬૯ એક્ટિવ કેસ છે અને ૨૧,૩૪૧ લોકો સાજા થઈ ગયા છે. દિલ્હીમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૧૯૬૯ લોકોના મોત થયા છે.

તમિલનાડુમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૫૨,૩૪ પર પહોંચી ગઈ છે જેમાંથી ૨૩,૦૬૮ એક્ટિવ કેસ છે. રાજ્યમાં કોરોનાને કારણે અત્યાર સુધી ૬૨૫ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૮,૬૪૧ દર્દીઓ રિકવર થઈ ગયા છે.

આ સાથે એક અન્ય અહેવાલ પ્રમાણે, દેશમાં કોરોનાની સંખ્યા વધીને ૩ લાખ ૮૧ હજાર ૯૧ થઈ ગઈ છે. જેમાંથી અત્યાર સુધી ૨ લાખથી વધારે દર્દી સાજા થયા છે.છેલ્લા

● અનુસંધાન પાના - ૭ પર

## છેલ્લે... છેલ્લે...

- રાજસ્થાનમાં કોંગ્રેસને ૨ ભાજપને ૧ બેઠક, જ્યારે મધ્યપ્રદેશમાં ભાજપને ૨ અને કોંગ્રેસને ૧ બેઠક મળી હતી. જ્યારે ઝારખંડમાં ઝારખંડ મુક્તિ મોરચાને અને ભાજપને ૧-૧ બેઠક મળી છે.
- ગુજરાતના પરિમલ નથવાણી આંધ્રપ્રદેશમાંથી વાય. એસ. આર.ના ઉમેદવાર તરીકે રાજસભામાં વિજયી થયા છે.
- ન્યુઝીલેન્ડમાં ૭.૪ની તીવ્રતાવાળો ભૂકંપ નોંધાતા દુનિયાભરમાં ચિંતા.
- દેશના સૌથી વધુ સંક્રમિત રાજ્યોની યાદી

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧,૨૦,૫૦૪ |
| તામિલનાડુ | ૫૪,૪૪૯ |
| દિલ્હી | ૪૯,૯૭૯ |
| ગુજરાત | ૨૬૧૯૮ |
| ઉત્તરપ્રદેશ | ૧૬૫૯૪ |
| રાજસ્થાન | ૧૩૯૦૯ |


**ફ્લેટ વેચવાનો છે**

C-101, સુયસ સ્ટેટસ, સીટી પલ્સ થિયેટરની પાછળ, કુડાસણ, ગાંધીનગર

ફોન નંબર ૯૩૨૭૪૪૩૮૨૫

સંપર્ક : શનિ-રવિ સવારે ૯ થી ૧૧ સાંજે ૪ થી ૭


## દેશમાં કોરોના ટેસ્ટની કિંમત સમાન હોવી જોઈએ : સુપ્રીમ

**કોરોના ટેસ્ટના સામાન્ય દર નક્કી કરવા આદેશ : ક્યાંક ૨૨૦૦માં ટેસ્ટ થઈ રહ્યો છે તો ક્યાંક ૪૫૦૦માં એ ન ચાલે : કિંમત નક્કી કરવા જવાબદારી કેન્દ્ર સરકારની**

નવી દિલ્હી, તા. ૧૯

સુપ્રીમ કોર્ટે વિવિધ રાજ્યોમાં કોવિડ-૧૯ તપાસના અલગ-અલગ ચાર્જની બાબત ગંભીરતાથી લીધી છે અને કેન્દ્ર સરકારને કહ્યું છે કે કોરોના



વાયરસ બીમારીના ટેસ્ટના ઉચ્ચત્તમ દર નક્કી કરો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, દેશભરમાં કોરોના વાયરસ ટેસ્ટની કિંમતો એકસમાન હોવી જોઈએ, ક્યાંક ૨૨૦ રુપિયામાં ટેસ્ટ થઈ રહ્યો છે તો ક્યાંક ૪૫૦૦ રુપિયામાં, એવું હોવું જોઈએ નહીં. જસ્ટિસ અશોક ભૂષણ, એસ.કે.કૌલ અને એમ.આર.શાહની બેન્ચે એ તરફ ઈશારો કર્યો કે આ મામલે કોર્ટે કોઈ કિંમત નક્કી કરશે નહીં. કિંમત નક્કી કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. કેન્દ્ર સરકાર તરફથી સુપ્રીમ કોર્ટમાં દલીલ કરતાં સોલિસિટર જનરલ તુષાર

● અનુસંધાન પાના - ૭ પર

## બિહાર સરકાર દ્વારા શહીદોના પરિવારને ૩૬ લાખની સહાય

પટણા, તા. ૧૯

લદ્દાખ સ્થિત ગલવાન ઘાટીમાં ચીનના સૈનિકોની સાથે થયેલી હિંસક અથડામણમાં શહીદ થનારા બિહારના સૈનિકોને બિહાર સરકારે આર્થિક મદદની જાહેરાત કરી છે. પાંચ જવાનોના પરિવારને સરકાર દ્વારા ૧૧-૧૧ લાખ રૂપિયા અને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૨૫-૨૫ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરવામાં આવી છે.

આ ઉપરાંત પ્રત્યેક પરિવારમાંથી એક-એક વ્યક્તિને બિહાર સરકાર દ્વારા નોકરી આપવામાં આવશે. બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે ગુરુવારે પટણા સ્થિત જયપ્રકાશ નારાયણ એરપોર્ટ પર ગલવાન ઘાટીમાં જીવ ગુમવનારા સૈનિક ચંદન કુમાર, કુંદન કુમાર, અમન કુમાર, જયકિશોર અને સુનીલ કુમારને પુષ્પ-ચક્રથી શ્રદ્ધાંજલિ આપી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પાંચ જવાનોના પરિવારોને રાજ્ય સરકાર તરફથી ૧૧-૧૧ લાખ રૂપિયા અને મુખ્યમંત્રી રાહત ફંડમાંથી ૨૫-૨૫ લાખ રૂપિયા આપવામાં આવશે. આ સાથે જ પાંચેય પરિવારમાંથી એક-એક વ્યક્તિને રાજ્ય સરકાર દ્વારા નોકરી પણ આપવામાં આવશે.

## શોપિયાં-પંપોરમાં ૮ આતંકીઓ ઠાર

શ્રીનગર,તા.૧૯

જમ્મુ-કાશ્મીરના પંપોર અને શોપિયાંમાં ગુરુવાર સવારે ભારતીય સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે થયેલા એન્કાઉન્ટરમાં અત્યાર સુધી ૮ આતંકવાદી ઠાર મરાયા હોવાની સૂચના છે. મળતી માહિતી મુજબ, અવંતીપોરાના મેજ પંપોરમાં એન્કાઉન્ટરના ડરથી આતંકવાદી એક મસ્જિદમાં છુપાઈ ગયા હતા. ઘણા લાંબા સમય સુધી ચાલેલા ફાયરિંગમાં શોપિયાંમાં ૫ જ્યારે પંપોરમાં ૩ આતંકવાદીઓને ઠાર મારવામાં સફળતા મળી છે. વિસ્તારમાં હજુ પણ સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

મળતી જાણકારી મુજબ, ભારતીય સુરક્ષા દળોને ઈન્ટેલિજન્સ એજન્સીઓ તરફથી જાણકારી મળી હતી કે શોપિયાંના મુનાંદમાં અને પંપોરમાં કેટલાક આતંકવાદી છુપાયા છે અને કોઈ મોટા કાવતરાને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા છે. ઈન્ટેલિજન્સ જાણકારીના આધારે ભારતીય સુરક્ષાદળોએ સ્થાનિક પોલીસ અને સીઆરપીએફની એક સંયુક્ત ટીમ તૈયાર કરી અને બંને સેક્ટરમાં એક સાથે હુમલો કર્યો. ભારતીય જવાનોએ પહેલા આ વિસ્તારને ઘેરી દીધો, ત્યારબાદ સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું.


